ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરીઓનો પ્રશ્ન ઘર નજીક સ્નાનાગાર નથી, ને ગ્રામીણોનો પ્રશ્ન ઘરમાં સ્નાનગૃહ જ નથી!!

ભારતમાં દર દસ વર્ષે થતી ગણતરી અને તેના આધારે જાહેર થતાં વસ્તી ગણતરીના અહેવાલમાં એવી ઝીણી વિગતો મેળવવામાં આવે છે. જેનાથી સામાજિક વિકાસની તો તલસ્પર્શી માહિતી મળે જ સાથે સમાજજીવન પણ સમજાય ને કુટુંબજીવન પણ. સેન્સસ રિપોર્ટમાં ઉપલબ્ધ થતી વિગતોનું વિવરણ જો સમજવામાં આવે તો કયા ક્ષેત્રમાં સારી સ્થિતિ નિર્માણ કરવા માટે પ્રયાસો કરવા જેવા છે એનો ચિતાર મળે. સેન્સસમાં વિવિધ વિગતો મેળવવામાં આવે છે પરંતુ એમાં પણ ખાસ ખ્યાલ રાખીને આંકડા મેળવવામાં આવે છે જેમ કે ઘર ના શૌચાલય અને સ્નાનગૃહ- બાથરૂમના ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા છે?, બાથરૂમ ની છત પાકી છે કે છત વગરનો બાથરૂમ છે અથવા તો બાથરૂમ સુવિધા ઘર પરિસરમાં છે કે નહીં? એવી તલસ્પર્શી વિગતો પણ સેન્સસ રિપોર્ટમાં મેળવવામાં આવે




**ગ્રામીણ ગુજરાતના ૫૧ ટકા પરિવારો પાસે ઘરમાં બાથરૂમ સુવિધા જ નથી**

છે. સેન્સસ દ્વારા ગંદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા માટે ઘર પરિસરમાં ઉપલબ્ધતા છે તેની જાણકારી બે રીતે લે છે. એક તો જો ઘરમાં શૌચાલય હોય તો તેના મેલા(મળમૂત્ર) ની ગંદકીના વિસર્જન માટે કેવી પરિસ્થિતિ છે અને ઘરમાં સ્નાનગૃહ, રસોડા અને કપડા ધોવાથી ઉત્પન થતા ગંદા પાણીનો નિકાલ કરવાની વ્યવસ્થા કઈ રીતની છે તેની અલગ માહિતી સેન્સસમાં મેળવવામાં આવે છે. આમ ઘર પરિસરમાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા બાબતે માહિતી મેળવવામાં ખાસ ધ્યાન રાખવામાં આવે છે એ અહીં જોવા મળે છે. આજના લેખમાં આપણે ઘર-પરિસરમાં સ્નાનગૃહની એટલે કે બાથરૂમની વ્યવસ્થા ગ્રામીણ ગુજરાત અને શહેરી ગુજરાતની સાથે સમગ્ર ગુજરાતની સાથેની સ્થિતિ કેવી છે તેનું સામાજિક ચિત્ર આપણે જોઈએ.

ગુજરાતના તમામ ઘર પરિવારો પાસે બાથરૂમની ઉપલબ્ધતા ચકાસીએ તો કુલ ૧.૨૧ કરોડ પરિવાર પૈકી ૫૬ ટકા પરિવારો પાસે છત સાથેના બાથરૂમની સુવિધા છે જ્યારે ૧૧ ટકા પરિવારો પાસે બાથરૂમની સુવિધા તો છે પરંતુ બાથરૂમ છત વગરના છે એટલે કે ચાર દિવાલ તો છે ભલે તે પાકી માટી કે પતરાં-પાટીયાની દિવાલ કેમ ન હોય, ચાર દિવાલ તો છે, બાથરૂમે છત નથી, બાથરૂમ ઉપરથી ખુલ્લા છે. જ્યારે ૩૩ ટકા પરિવારો પાસે બાથરૂમની સુવિધા જ નથી. સમગ્ર ગુજરાતના આંકડા જોઈએ તો સ્થિતિ આવી છે. અને જો ગ્રામીણ અને શહેરી ગુજરાતની દ્રષ્ટિએ જોઈએ તો ગ્રામીણ ગુજરાતના ૬૫ લાખ પરિવારો પૈકી ૩૪ ટકા પરિવારોના ઘરમાં છત સુવિધાવાળા બાથરૂમ છે અને ૧૫ ટકા પરિવારો પાસે છત વિહીન સ્નાનગૃહ છે, જ્યારે ૫૧ ટકા પરિવારો પાસે ઘરમાં બાથરૂમ સુવિધા જ નથી. ગ્રામીણ ગુજરાતની સરખામણીએ શહેરી ગુજરાતની સ્થિતિ સારી છે. શહેરી ગુજરાતના ૫૪.૧૬ લાખ પરિવારમાંથી ૮૫ ટકા પરિવારોના ઘરમાં સ્નાનગૃહની સુવિધા છે

● અનુસંધાન પાન-૭ પર

# મેયર-ડેપ્યુટી મેયર આજે હોદ્દો સંભાળશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર તરીકે શ્રીમતિ રીટાબેન કે. પટેલ અને ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર આજે સવારે ૧૦ વાગે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળશે.

ભારતીય જનતા પક્ષના તેઓ ચૂંટાયેલા કાઉન્સીલર છે અને મૂળ ભાજપના પ્રથમ મહિલા મેયર શહેરના બનશે. જોકે આમ તો તેઓ શહેરના પાંચમા મેયર હશે.

આ અગાઉ મહેન્દ્રસિંહ રાણા જે કોંગ્રેસમાંથી વિજયી થઈને આવ્યા હતા આ પછી તેઓ ભાજપમાં ગયા હતા. તેમના પછી હંસાબેન મોદી મેયર બન્યા હતા તેઓ પણ કોંગ્રેસ છોડી ભાજપમાં પ્રવેશ્યા હતા.

આ પછી કોંગ્રેસમાં ચુંટાયેલા



મેયર પ્રવિણ પટેલ પણ ચૂંટણી પહેલાં ભાજપમાં જોડાયા હતા. તેમણે હોદ્દા પરથી રાજીનામુ આપતાં ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા હાલ ઈન્ચાર્જ મેયર તરીકે સેવાઓ આપી રહ્યા છે.



રીટાબેન પટેલ વોર્ડ નં. ૩માંથી વિજેતા જાહેર થયા હતા. અગાઉના ત્રણેય મેયર પણ વોર્ડ નં. ૩માંથી જ થયા હતા. આમ મેયર પદ માટે વોર્ડ નં. ૩ નસીબદાર માનવામાં આવી રહેલ છે.

રીટાબેન પટેલ આજે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળવાના હોવાથી ભાજપમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. રીટાબેન પટેલ સાથે ડે.મેયર તરીકે નાઝાભાઈ ઘાંધર પણ તેમના હોદ્દાનો ચાર્જ સંભાળનાર છે. દરમ્યાન ચૂંટણી પ્રક્રિયાનો મુદ્દો હજુ ન્યાયાધીન હોવાથી મનપાના સત્તાધિકારીઓ મૌન સેવી રહ્યા છે પરંતુ ભાજપના આગેવાનોએ જાહેરાત કરી દીધી છે કે રીટાબેન પટેલ અને નાઝાભાઈ ઘાંધર સોમવારે સવારે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળશે.

# જિલ્લાના ૬ હજાર વિદ્યાર્થીઓ ર૬મીએ ગુજકેટની પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૧૪

આગામી તા ૨૬ એપ્રિલના રોજ ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાંથી અંદાજિત ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી કેમેરાની વોચ સાથે વિજિલન્સ સ્કોવોર્ડ પણ રાઉન્ડ લેશે. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ માટે શાળા સંચાલકોએ ઠંડુ પાણી મળી રહે તેવી વ્યવસ્થા પણ કરવાની રહેશે.

મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવા માટે સુપ્રિમના આદેશ મુજબ સમગ્ર દેશમાં એકમાત્ર નીટની પરીક્ષાને માન્ય રાખવામાં આવી છે તેવી

● અનુસંધાન પાન-૭ પર

# મેયર ચેમ્બરના રિનોવેશનમાં આચારસંહિતાનો ભંગ : કોંગ્રેસ

## મેયરને ચાર્જ સંભાળતા અટકાવવા આજે કોંગ્રેસ વધુ એકવાર લેખિત રજુઆત કરશે

ગાંધીનગર, તા. ૧૪

ભાજપ તરફથી મનપાના મેયર, ડે. મેયર દ્વારા હોદ્દાનો ચાર્જ સંભાળવાની વાત વાયુવેગે શહેરમાં પ્રસરતાં જ કોંગ્રેસે આચારસંહિતા ભંગનો મુદ્દો ઉઠાવી અને આ મુદ્દે કમિશ્નર તેમજ રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી સમક્ષ રજુઆત કરી આ મુદ્દાને આગળ વધતો અટકાવાવ જણાવ્યુ છે.

કોંગ્રેસ દ્વારા મનપાની કચેરીમાં ચોથા મજલે મેયરની ચેમ્બરમાં ગઈકાલે તાત્કાલિક હાથ ધરાયેલ રિનોવેશન અંગેનો મુદ્દો પણ તેમની અરજીમાં જણાવતાં કહ્યુ છે કે કોઈપણ પ્રકારની તાંત્રિક કાર્યવાહી જે અનુસરવી જોઈએ તેના વગર આ કામગીરી કરવામાં આવી છે એટલુ જ નહિ ચૂંટણી જાહેર થઈ ગઈ છે ત્યારે આવી નિમણુંકો કે ચાર્જ સંભાળવાની વાતોથી અળગા રહેવુ જોઈએ રાજકીય પક્ષોએ તેનુ પાલન કરવુ જોઈએ.

કોંગ્રેસના સભ્યો સોમવારે પણ વધુ એક લેખિત રજુઆત કમિશ્નરશ્રીને કરવાના હોવાનું જાણવા મળેલ છે.

તેઓનું માનવુ છે કે ચૂંટણીનું પરિણામ સામાન્યસભામાં ઘોષિત થાય પછી જ તેઓ ચાર્જ સંભાળી શકે છે અને હાલ કોઈ મનપાની સામાન્ય સભા મળી નથી. આ ઉપરાંત ચૂંટણી પ્રક્રિયાને પડકારતી અરજી પણ રાજયની વડી અદાલતમાં વિચારાધીન છે એ બાબતે પણ વહીવટીય પાંખને ચેતવવાના હોવાનું જાણવા મળેલ છે.

જો કે હાલ તો ગાંધીનગર મનપાના મેયરનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બની ચર્ચાઈ રહ્યો છે.

ગરીબી પર વાર
₹72,000 વાર્ષિક
દરેક ગરીબ પરિવારના ખાતામાં



સ્વતંત્રતા સમયે 70% ભારતીયો ગરીબ હતા. કોંગ્રેસ પક્ષની નીતિઓને લીધે દેશમાં માત્ર 20% ગરીબી રહી છે.

NYAY ને કારણે 5 કરોડ પરિવારોને લાભ થશે, આવા પરિવારોને દર વર્ષે ₹72,000 આપવામાં આવશે જે તેમના પરિવારની મહિલાના બેન્ક ખાતામાં સીધા જમાં થશે. ન્યાય ને કારણે માત્ર ગરીબી દૂર કરવામાં જ મદદ નહીં મળે, પરંતુ તે ભારતના કરોડો લોકોના હાથમાં નાણાં આપીને ભારતના અર્થતંત્રને પણ વેગ આપશે.

આપણે ગરીબી નાબૂદ કર્યા વિના કોઈને ન્યાય આપી શકીએ નહીં.

હવે મળશે ન્યાય
કોંગ્રેસ

Published by All India Congress Committee, 24 Akbar Road, New Delhi-110011

# નગરના બસ સ્ટોપ પર હવે સી સી કેમેરાની વોચ રહેશે

## નવા નિર્મિત બસ સ્ટોપ પર કેમેરા લગાવતા બસ સ્ટોપના વિસ્તારની હિલચાલ કેમેરામાં કેદ થશે



ગાંધીનગર તા ૧૪

શહેરના માર્ગો પર નવા બસ સ્ટેન્ડ બનાવાયા છે. તબક્કાવાર નવા બસ સ્ટોપ બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નગરના મુખ્યમાર્ગો પર નિર્માણ કરાયેલા નવા બસ સ્ટોપમાં સ્માર્ટ સીટીની યોજના અન્વયે સી સી ટી વી કેમેરા મુકવામાં આવ્યા છે. જેથી બસ સ્ટોપનો વિસ્તાર હવેથી કેમેરાની વોચ હેઠળ રહેશે.

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં પણ પણ અંદાજિત ૧૦ ઠેકાણે સી સી કેમેરા લગાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. એસ ટી ડેપોમાં પણ પુરતા ઠેકાણે કેમેરા નથી. બીજીતરફ મુસાફરોની સલામતીનો મુદ્દો પણ રામભરોસે છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવાની વાત પણ વિસરાઈ ગઈ છે. એસ ટી ડેપોમાં આવતા મુસાફરો વારંવારા તસ્કરીનો ભોગ બનતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. પરંતુ ડેપો દ્વારા પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા માટે તૈયારી દર્શાવાયા બાદ પણ હજુ સુધી કાંઈ થઈ શક્યુ નથી. શહેરમાં બસ સ્ટોપ પર મુસાફરો મોટી સંખ્યામાં બસની રાહ જોતા નજરે પડે છે. જયારે આ મુસાફરોને ટાઢ તડકા કે વરસાદમાં હેરાનગતિ વેઠવી ન પડે તે માટે શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત બસ સ્ટોપ નવા બનાવાયા છે. તબક્કાવાર આ બસ સ્ટોપ બનાવાનુ કામ હાથ ધરાયુ હતુ.

જયારે સ્માર્ટ સીટી યોજના અન્વયે શહેરમાં નવા બસ સ્ટોપ બનાવાયા બાદ હવે આ બસ સ્ટોપ પર સી સી કેમેરા પણ મુકવામાં આવ્યા છે. જેથી હવે બસ સ્ટોપ વિસ્તારમાં મુસાફરો તેમજ રાહદારીઓની અવરજવર સી સી કેમેરાની કેદમાં આવી જશે. નગરના માર્ગો પર ટ્રાફિક નિયમનને અનુલક્ષીને પણ કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જયારે શહેરના શોપિંગ કોમ્પલેક્ષો સહીતના વિસ્તારને કેમેરા હેઠળ આવરી લેવાયો છે. જયારે બસ સ્ટોપને પણ સી સી કેમેરા અન્વયે આવરી લેવાતા મુસાફરોની સલામતી પણ જળવાશે તેમજ બસ સ્ટોપ વિસ્તારમાં થતી ગતિવિધિઓ પર પણ પોલીસતંત્રની નજર રહેશે.

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી
**મહેન્દ્રભાઈ મણીલાલ મોઢ**
(કુંભાસણવાળા)તા.૫-૦૪-૧૯ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૫-૦૪-૧૯ને સોમવારના રોજ બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ: શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેકટર કચેરીની સામે, સેકટર-૧૨, ગાંધીનગર.
ફર્મ :મોઢેશ્વરી સ્ટોર્સ (રઘુવંશ,સે.૩/બી) ડેલ્ટા એન્ટરપ્રાઈઝ, અમદાવાદ
લિ. કેતન મહેન્દ્રભાઈ મોઢ
ઉર્વિશ મહેન્દ્રભાઈ મોઢ
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com